બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# પિતર અને પ્રાર્થનાનું સામર્થ્ય



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children

www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2015 Bible for Children, Inc.

પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

પ્રેરિત પિતર આ દેશમાં મુસાફરી કરીને દરેકને ઈસુ વિશે જણાવતો હતો. એક દિવસે તે લીદીયા નામે એક નગરમાં હતો ત્યારે તે એક પક્ષઘાતી જે આઠ વર્ષથી ખાટલામાં પડી રહ્યો હતો તેને મળ્યો. “ઈસુ ખ્રિસ્ત તને સાજો કરે છે.” પિતરે કહ્યું. “ઉઠ અને તારું બિછાનું ઉંચક.” ત્યાં તરત તે વ્યક્તિ પોતાના ખાટલામાં ઉભો થઈ ગયો. જ્યારે લોકો એ આ જોયું ત્યારે તેઓ પ્રભુ તરફ વળ્યા.



ત્યાં નજીકના નગર જોપ્પાના લોકો દુ:ખી હતાં. એક ખ્રિસ્તી બાઈ જેનું નામ દોરકસ હતું તે મરી ગઈ હતી. નિરાશ થયેલા તેના મિત્રોએ તેના શબને દફનાવવા માટે તૈયાર કર્યું હતું, અને તેઓએ તેને ઉપલી મેડી પર મૂકીને તેને માટે શોક કરી રહ્યાં હતાં.





પણ દોરકસના મિત્રોએ સાંભળ્યું
હતું કે પિતર એ જ જગ્યામાં
હતો. તરત તેમણે પિતરને
જોપ્પામાં બોલાવી દીધો. જ્યારે
તે ત્યાં આવ્યો ત્યારે ત્યાંની
વિધવાએ જે અંગરખો અને કપડાં
દોરકસે તેમને માટે બનાવ્યા
હતા, તે તેઓને દેખાડતી હતી.
ત્યાં દરેક જણ વિલાપ કરી રહ્યું
હતું.

પણ પિતરે દરેક જણને બહાર કાઢ્યા અને ઘૂંટણે પડીને પ્રાર્થના કરી. અને તેણે તે શબની તરફ ફરીને કહ્યું કે, “દોરકસ ઉભી થા.” ત્યારે તેણે પોતાની આંખો અને જ્યારે તેણે પિતરને જોયો ત્યારે તે બેઠી થઈ.





ત્યારે તેણે તેણીને હાથ
આપીને ઊભી કરી; અને
ત્યારબાદ તેણે ત્યાંના
સંતો (ખ્રિસ્તીઓ) અને
વિધવાઓને બોલાવીને
તેને જીવતી રજૂ કરી.
અને તે વાત આખા
જોપ્પામાં પ્રગટ થઈ અને
ઘણા લોકોએ પ્રભુ પર
વિશ્વાસ કર્યો.

તેથી પિતર સમુદ્ર પાસે રહેલા તે જોપ્પા નગરમાં ઘણા દિવસથી રહ્યો. એક દિવસે તે ઘરની છત ઉપર પ્રાર્થના કરવા ગયો. તેણે શહેરની દિવાલ પર નજર નાખીને જોયું ત્યારે તેણે

ત્રણ મુસાફરો તેની શોધમાં નીકળ્યા હતા તેમને જોયા.



આ ચાકરો કર્નેલ્યસ નામે એક રોમન સૈનિક હતો, તેના માણસો હતા, તે ઈશ્વરની ઉપાસના કરતો હતો. કર્નેલિયસે પોતાના ચાકરોને મોકલીને પિતરની




શોધ કરાવી, કારણ કે ઈશ્વરના દૂતે તેને દર્શનમાં જણાવ્યું હતું કે "તું પિતરને તારે ઘરે તેડાવ તે સિમોન ચામારના ઘરે, જે સમુદ્રના કિનારે હતું, ત્યાં રોકાયો છે. તે તને કહેશે કે તારે શું કરવું જોઈએ."

જ્યારે પિતર ઘરની ઉપરની છત પર પ્રાર્થના કરતો હતો ત્યારે ઈશ્વરે તેને એક દર્શન દીધું. તેણે જોયું કે આકાશમાંથી પૃથ્વી પર એક મોટી ચાદર જેવું કાંઈ લટકાવેલું હતું. તે ચાદરમાં દરેક પ્રકારના પ્રાણીઓ અને પંખીઓ હતા.



પિતર કહી શકતો હતો કે તેઓ “અપવિત્ર ” હતાં. તેનો અર્થ કે ધાર્મિક યહૂદીઓ તેઓને ખાઈ શકતા નથી. એકાએક એક અવાજ આવ્યો. “ઉઠ, પિતર તેને મારીને ખા.”

“ના એવું નહીં બને પ્રભુ!”
પિતરે ઈશ્વરને જવાબ આપ્યો.
“કારણ કે એવું કંઈ નાપાક કે
અપવિત્ર ખાધું નથી.” એ અવાજ
બીજી વાર આવ્યો અને કહ્યું,
“જેને ઈશ્વરે શુદ્ધ કર્યું છે તેને તારે
નાપાક કહેવું નહીં.” આવું ત્રણ
વાર બન્યું. અને ત્યાર બાદ આ
ચાદરને આકાશમાં ઉપર
ખેંચી લેવાયી.



પિતરને એ દર્શનનો અર્થ શું થાય છે તે ખબર ન પડી. જ્યારે તે વિચારતો હતો ત્યારે ઈશ્વરે તેને બતાવ્યું કે ત્રણ વ્યક્તિઓ તારી શોધમાં છે અને તારે તેમની સાથે જવાનું છે.



જ્યારે ત્રણ વ્યક્તિઓએ આવીને પિતરને કહ્યું કે
પવિત્ર દૂતે કર્નેલિયસને તારા માટે તેડાવવા મોકલી
આપ્યો છે, ત્યારે પિતરને ખબર પડી કે ઈશ્વર
તેને દોરી રહ્યો હતો. બીજા દિવસે
તે તથા બીજા છ મિત્રો સાથે
કર્નેલિયસની પાસે
પહોંચી ગયો.





કદાચ જ્યારે તે એક બિન -
યહૂદીના ઘરે જવા નીકળ્યો
ત્યારે તેને ખબર પડી કે ઈશ્વર
દરેક વ્યક્તિને પ્રેમ કરે છે -
ઈશ્વર ઈચ્છે છે કે દુનિયાના
સર્વ લોકો જાણે કે ઈસુ
દુનિયાનો તારણહાર છે.
જ્યારે પિતર ત્યાં આવી
પહોંચ્યો ત્યારે કર્નેલિયસે માથુ
નમાવી તેનું ભજન કર્યું.

“ઉભો થઈ જા, હું પણ તારા જેવો જ માણસ છું.” પિતરે કર્નેલિયસને જણાવ્યું. ત્યારે તેણે તે ઘરના દરેક વ્યક્તિને કહ્યું, “તમને ખબર છે કે એક યહૂદીઓને બીજા લોકોની સંગતીમાં રહેવાનું કે તેમની પાસે બીજા દેશમાં જવાનું કેટલું નિયમની બહાર છે.”



“પણ ઈશ્વરે મને બતાવ્યું છે કે મારે કોઈ વ્યક્તિને નાપાક કે અપવિત્ર કહેવાનું નથી.”



પિતરે આ વિદેશીઓને (બિનયહૂદીઓને) કહ્યુંકે ઈસુ તે દેવનો દીકરો છે. જે વધસ્થંભ પર મૃત્યુ પામ્યો છે. અને ફરી સજીવન થઈને દુનિયાનો તારણહાર બન્યો છે. ત્યારે પવિત્ર આત્મા તેમની પર ઉતરી આવ્યો અને તેઓ ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યાં. પિતરના છ યહૂદી મિત્રો તે જોઈને આશ્ચર્ય પામ્યા. તેઓ પચાસમાંના દિવસ જેવું જ હતું. પવિત્ર આત્માનું દાન વિદેશીઓ પર રેડી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ પિતરે આ નવા ઈસુના વિશ્વાસીઓને બાપ્તિસ્મા આપ્યું.



જ્યારે તે યરૂશાલેમ પાછો ગયો ત્યારે ખ્રિસ્તીઓએ પિતરને વિદેશીઓની મુલાકાત લીધા બદલ ધમકાવ્યો. તેથી પિતરે તેને પોતાને અને કર્નેલિયસને જે દર્શન પ્રાર્થના વખતે મળ્યું હતું તે જણાવ્યું. જ્યારે તેઓએ આ સાંભળ્યું ત્યારે યરૂશાલેમના ખ્રિસ્તીઓ શાંત બની ગયા. અને તેઓએ ઈશ્વરનો મહિમા કર્યો કારણ કે તેણે પ્રાર્થના દ્વારા ખ્રિસ્તી મંડળીને બતાવ્યું હતું કે ઈશ્વરનો પ્રેમ દરેક વ્યક્તિ માટે છે.



# પિતર અને પ્રાર્થનાનું સામર્થ્ય

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

પ્રેરિતોના કૃત્યો ૯-૧૧

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાજ

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬